# ગુજરાતી વિભાગ
સેમ – 4
પેપર નં- 214 (S.S)

## ગુજરાતી નવલિકા નો પરિચય

- સોનલ દેસાઇ

# *ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી – 'ધૂમકેતુ'*

- ઉપનામ- ધૂમકેતુ ,જન્મ- ઇ.સ.1892માં ,જન્મ સ્થળ-વીરપુર
- ધૂમકેતુ નું વખાણાતું સાહિત્ય:- ટૂંકીવાતા (નવલિકા)(ધૂમકેતુ ટૂંકીવાર્તા ને 'તણખો' કહેતા હતા)
- ધૂમકેતુ એ નવલિકા, નવલકથા, આત્મચરિત્ર, નાટકો, નિબંધો, ચરિત્ર, ચિંતન વગેરે ક્ષેત્રે સાહિત્ય સર્જન કર્યું છે.
- ધૂમકેતુએ 'ગીતાંજલી' નો અનુવાદ કર્યો હતો.
- પ્રશિષ્ટ નવલિકાઓમાં ધૂમકેતુની ત્રણ વાર્તાઓ છે.

1. પોસ્ટ ઓફિસ- વિશ્વવાર્તા સાહિત્યમાં સ્થાન મળેલ છે. પોસ્ટ ઓફિસ વાર્તાની જાણીતી પંક્તિ, ''માણસ પોતાની દ્રષ્ટિ છોડી બીજાની દ્રષ્ટિએ જુએ તો અડધું જગત શાંત થઈ જાય.''
2. રજપૂતાણી
3. વિનિપાત

# * રામનારાયણ વિશ્વનાથ પાઠક *

- ઉપનામ :- ‘‘ સ્વૈરહારી ’’ (નિબંધક્ષેત્રે), ‘‘ દ્વિરેફ (ટૂંકીવાતા ક્ષેત્રે) ’’ ,‘‘શેષ ( કાવ્યક્ષેત્રે) ’’.
- જન્મ :- ઇ.સ. 1887 માં, જન્મ સ્થળ :- ગાણોલ.  જિ. અમદાવાદ.
- માતા :- આદિતબાઇ .
- કૃતિઓ :-
- રા. વિ. પાઠકએ ટૂંકી વાર્તા, નિબંધ, કાવ્યો, નાટકો તથા અન્ય કૃતિઓ વગેરે જેવું સાહિત્યસર્જન કર્યું છે.
- પ્રશિષ્ટ નવલિકામાં રા. વિ. પાઠકની ત્રણ વાર્તાઓ છે.

1. બુદ્ધિવિજય
2. સોભાગ્યવતી
3. જક્ષણી

# *ઝવેરચંદ કાળીદાસ મેઘાણી*

- ઉપનામ- ''સાહિત્યશાસ્ત્રી'', ''રાષ્ટ્રીય શાયર'', ''પહાડોનું બાળક'', ''કસુંબલ રંગનો ગાયક''.
- જન્મ- ઇ.સ. ૧૮૯૬
- જન્મસ્થળ- ચોટીલા
- માતાનું નામ- ધોળબાઈ
- ઝવેરચંદ મેઘાણીનું વખણાતું સાહિત્ય- લોકસાહિત્ય
- ઝવેરચંદ મેઘાણીએ નવલિકા, નાટક, કવિતા, નવલકથા, લોકકથા, લોકગીત, આત્મકથા, ચરિત્ર, નિબંધ, પ્રવાસનિબંધ, વિવેચન, ઇતિહાસ વગેરે જેવા સાહિત્ય સ્વરૂપો લખ્યા છે.
- પ્રશિષ્ટ નવલિકામાં ઝવેરચંદ મેઘાણીની ત્રણ વાર્તાઓ છે.

1. સદાશિવ ટપાલી
2. વહુ અને ઘોડો
3. જી'બા

# *જયંતિ દલાલ*

- જન્મ :- ઈ. સ.૧૯૦૯ માં.
- જન્મસ્થળ :- અમદાવાદ.
- પિતા નું નામ :- ઘેલા ભાઈ
- જયંતિ દલાલ એ નાટક, લલિત નિબંધ,નવલકથા,ટૂંકીવાર્તા,બાળસાહિત્ય વગેરે જેવા સાહિત્ય સ્વરૂપ આપ્યા છે.
- પ્રશિષ્ટ નવલિકા માં જયંતિ દલાલ ની ત્રણ વાર્તા ઓ છે.

  ૧ જગમોહને શું જોવું?

  ૨ આ ઘેર પેલે ઘેર

  3 આભલાનો ટુકડો

# *જયંત ખત્રી*

- જન્મ :- ઈ.સ.૧૯૦૯
- જન્મસ્થળ:- મુંન્દ્રા,કચ્છ.
- પિતા નું નામ :- હીરજી હંસરાજ ખત્રી, માતા નું નામ :- જમનાબેન
- જયંત ખત્રી નું સાહિત્યસર્જેન :-

  વાર્તાસંગ્રહ :- ખરાં બપોર ,ફોર , વહેતાં ઝરણાં.

  નવલકથા :- ચમાર ચાલ (અપ્રગટ – અધૂરી રહેલી નવલકથા).

  એકાંકી :- મંગળપાંડે, હત્યા.

  અન્ય :- થોડાક પત્રો અને લેખો.
- પ્રશિષ્ટ નવલિકા મા જયંત ખત્રી ની ત્રણ વાર્તા ઓ છે.

  ૧ લોહીનું ટીપું

  ૨ તેજ, ગતિ અને ધ્વનિ

  3 ધાડ